**રાજકોટનાં મહે.બીજા એડી. જ્યુ. મેજી. (ફ.ક.) ની કોર્ટમાં, મુ:: રાજકોટ**

**ફોજદારી કેસ નં.૧૩૨૯૨/૨૦૨૪**
**આંક–૦૪**

**ફરિયાદીઃ** સરકારશ્રી
વિરુધ્ધ
**આરોપીઃ** **બકુલ રણછોડભાઈ પરમાર,રહે.રાજકોટ**

**ગુન્હોઃ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબ**

**:: ચુકાદો ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના કબજાનું વાહન બીજા માણસોની જીદગી જોખમાય તે નડતરરૂપ રોડ ઉપર રાખી ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી.

(૩) આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આંક-૪ થી આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી આંક-૩ થી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીસને ધ્યાને લેતા, એવુ જણાઈ આવે છે કે , આરોપીની આર્થિક સ્થિત સારી નથી અને આરોપી સદર ગુનાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં, ગુનાની દંડની જોગવાઈ ધ્યાને લેતા અને આરોપીની આર્થીક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતા, જે આરોપીને દંડ કરીને છોડવામાં આવે તો,ન્યાયનું હિત જળવાઈ રહે છે.વધુમાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**હુકમ**

આ કામના આરોપી **બકુલ રણછોડભાઈ પરમાર,રહે.રાજકોટ** ને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૨૮૩ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦/–(રૂપિયા એક સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૨૨ મી,માહે : જુન સને:૨૦૨૪નાં રોજ સ્પે.સીટીંગમાં લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ
તારીખઃ ૨૨/૦૬/૨૦૨૪

**( કુ. વિનતી)**
બીજા એડી. જયુડી.મેજી.ફ.ક., રાજકોટ
યુઆઈડી:જીજે૦૧૫૫૦

ફોજદારી દંડની રકમ રૂ.૧૦૦/–
દંડની પહોંચ નં......... તા.૨૨/૦૬/૨૦૨૪
થી વસુલ લીધી.

Nazir
C.J.M.Court,Rajkot